**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.૫/૬/૨૦૧૫ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૧૪૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૭૧ લીટર દેશી દારૂ, ૩૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૯૨ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૮૧,૧૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૪૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૦/૧૫**

**કારંજઃ** જામનગર શહેર ખાતે રહેતી (મુળ વતન બિહારની) ૨૪ વર્ષની યુવતીએ તા.૪/૬/૧૫ નારોજ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી રાજમોહન વૈધનાથ શર્મા (રહે.પંચમુખીયા, થાનાઃ રામનગર, વેસ્ટ ચંપારણ, બીહાર) સાથે ટેલીફોનીક સંપર્ક થતા, પરીચયમાં આવતાં, રાજમોહને યુવતીનો વિશ્વાસ કેળવી, પહેલી માર્ચ ૨૦૧૫ થી ત્રીજી એપ્રીલ ૨૦૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપીએ યુવતીને લલચાવી ફોસલાવી કારંજ ખાતે રાજધાની હોટલમાં લઈ જઈ અવાર-નવાર યુવતીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો, તેમજ યુવતીના બિભત્સ ફોટા પાડી, “આ વાત કોઈને કહીશ તો સોશીયલ મીડીયામાં પ્રસારીત કરી દઇશ” તેવી ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે.જી.પટેલ ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૧/૧૫**

**નરોડા :** સ્મીતાબહેન ઉદાજી ઠાકોર (ઉ.વ.૧૭)(રહે.ઇન્દીરાનગર હંસપુરા ગામ, તા.દસ્ક્રોઇ, જી.અમદાવાદ) ને તા.૪/૬/૧૫ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી શ્યામ અશોકભાઇ નાયક(વણઝારા)(રહે.રામનગર, મમદાવાદ રોડ, તા.કલેટરી, જી.આગ્રા, યુ.પી.) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ સ્મીતાબહેનના પિતા ઉદાજી ઠાકોરે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૨/૧૫**

**સરખેજ :** આનંદ ઇન્દ્રીગીરી ગૌસ્વામી (ઉ.વ.૨૫)(રહે.કનકકલા વિભાગ-૨, સીમા હોલ સામે, આનંદનગર વેજલપુર) તા.૩/૬/૧૫ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે આનંદનાં મિત્ર ધાર્મિક કિરીટભાઇ પટેલ (રહે.રૉયલ ટેરેસ, જજીસ બંગ્લા રોડ, બોડકદેવ) સાથે કારમાં બેસી કર્ણાવતી ક્લબના પાછળનાં કોટ પાસે, મહંમદપુરા રોડ ઉપર હાજર હતા, દરમ્યાન ધાર્મિકે ફોન કરીને બોલાવેલ પોતાના બે મિત્રો (૧) ભુવન શૈલેષ ધનાક(સોની) (રહે.વસ્ત્રાપુર ગામ, લેકવ્યુ સોસાયટી) અને (૨) અજાણ્યો પુરૂષ (૩૦ વર્ષના આશરાનો) એક મોટર સાયકલ ઉપર બેસી આવેલ હતા. જેમાં મોટર સાયકલ પાછળ બેસેલ અજાણ્યા પુરૂષે પોતાની ઓળખ પોલીસ તરીકે આપી "તમે દારૂ પીધો છે" તેમ કહી આનંદને કારની બહાર નીકળવાનું જણાવતાં, આનંદને શંકાસ્પદ લાગતાં પ્રતિકાર કરતાં, મો.સા.પાછળ બેસેલ અજાણ્યા પુરૂષે પોતાની પાસેના દાતરડાથી આનંદને શરીરે ઇજાઓ કરી, આનંદનાં ગળા પહેરેલ સોનાના પેડલ સાથેની ચેઇન અને સોનાની લકી મળી કુલ કિંમત રૂપિયા ૧,૦૨,૩૫૦/- મતાની લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ આનંદ ગૌસ્વામીએ તા.૪/૬/૧૫ નારોજ પોતાના મિત્ર ધાર્મિક આ ગુનામાં સંડોવાયેલ હોવાની શંકા હોઇ, ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.ચૌધરી ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૩/૧૫**

**નરોડા** : મફતલાલ મગનલાલ પરમાર (રહે, ન્યુ શિવાજીનગર સોસાયટી, કુબેરેશ્વર મંદિર સામે, નરોડા) એ તા.૪/૬/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૬/૧૫ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે સૈજપુર પાતળીયા હનુમાન મંદિરની આગળ આવેલ જાગૃતિ બેટરી પાસેથી પોતાના ટુ વ્હીલર ઉપર પોતાની પત્ની પુષ્પાબહેનને પાછળ બેસાડી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક ટુ વ્હીલર ઉપર આવેલ બે પુરૂષ (૩૦ વર્ષના આશરાનાં) પુષ્પાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૫૪,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૫૪/૧૫**

વસ્ત્રાપુરઃ અમીતભાઈ ભરતભાઈ પ્રજાપતિ (રહે.ગામ-લીમ્બોદરા, તાલુકોઃ કલોલ, જીલ્લો ગાંધીનગર) તા.૪/૬/૧૫ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૫/૧૫ બપોરના ૩/૧૫ વાગ્યાનાં સુમારે વસ્ત્રાપુર થલતેજ પી.વી.આર મોલ પાસે લેન્ડ માર્ક હોન્ડાના શો રૂમ આગળ રોડની બાજુમાં પાર્ક કરેલ પોતાના કારના દરવાજાનો કાચ તોડી, બે અજાણ્યા પુરૂષ કારમાંથી રૂપિયા ૨,૧૪,૨૦૦/- મુકેલ બેગની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ભીખુસિંહ પ્રભાતસિંહ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)